# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

જા.ન./માં-૬/એવોર્ડ/૨૦૨૪/૪૪૬૦ + તા. ૧૪/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની સરકારી અને અનુદાનિત પ્રાથમિક,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તમામ,
જિ-સુરત.

વિષય:- સને ૨૦૨૪-૨૫ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શિક્ષક પારિતોષિક સુધારેલા ઠરાવ બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક:પ્રશિની/રાજ્ય એવોર્ડ/૨૦૨૪/૧૪૫૪-૧૫૩૬ તા-૧૦/૦૬/૨૦૨૪ ના પત્ર અન્વયે જાણ તથા અમલ થવા સારું.

બિડાણ:-ઉક્ત પરિપત્રની નકલ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૪/૬૭૫૪-૬૫૩૬
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જી. મ. ભ.,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૦/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય**:- સને ૨૦૨૪-૨૫ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સુધારેલા ઠરાવ બાબત.

**સંદર્ભ**:- (૧)શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સી.ફા.-૦૪/ક
(૨)શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સી.ફા.-૦૪/ક

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ(૧) મુજબના તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સીં.ફા.-૦૪/ક થી તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકને પારિતોષિક આપવા અંગે જોગવાઇઓની પુનઃ રચના કરવામાં આવેલ છે. સંદર્ભ(૧)ના ઠરાવની મુદ્દા (ટ) અને (ઢ)ની જોગવાઇઓમાં સંદર્ભ(૨)ના શિક્ષણ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૪ના સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સી.ફા.-૦૪/ક મુજબ કરવામાં આવેલ છે. સંદર્ભ(૧)ના ઠરાવના મુદ્દા (ટ) અને (ઢ)માં સંદર્ભ (૨)ના ઠરાવના આ સાથે સામેલ પરિશિષ્ટ (૧) માં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબ ગુણાંકન કરવામાં આવશે. જે આ સાથે બીડાણમાં સામેલ છે. અન્ય જોગવાઇઓ તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવ મુજબ યથાવત રહેશે. સંદર્ભ(૨)ના તા.૧૦/૦૬/૨૦૨૪ના સુધારેલ ઠરાવની જોગવાઇની માહિતી તમામ ઉમેદવાર સુધી પહોંચે તે રીતે આપની કક્ષાએથી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. એમ. આઇ જોષી)
**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**ગાંધીનગર**

**બીડાણ**:-શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૫/૨૦૨૨ અને તા. ૧૦/૦૬/૨૦૨૪ નો સુધારા ઠરાવ તેમજ પરિશિષ્ટ (૧) નવી માર્ગદર્શિકા

**<u>નકલ સવિનય રવાના</u>**:-

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ, શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય (સ્વર્ણિમ સંકુલ – ૧)
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.)શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય (સ્વર્ણિમ સંકુલ – ૨)
- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી (પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર

10 JUN 2024

તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક
પારિતોષિક આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૨૨૦૨૧/સીંફા.-૦૪/ક

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧૦/૦૬/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૫/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/ ૧૨૨૦૨૧/સીંફા.-૦૪/ક

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૨૫/૦૪/૨૦૨૪ ની સીંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના તા.૧૯/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૨૨૦૨૧/સીંફા.-૦૪/ક થી શ્રેષ્ઠ શિક્ષકને તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ પારિતોષિક આપવા અંગે જોગવાઇઓની પુન: રચના કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇઓ અંતર્ગત ઠરાવના મુદ્દા (ટ) અને (ઢ) માં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના તા.૧૯/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૨૨૦૨૧/સીંફા.-૦૪/ક ના મુદ્દા (ટ) અને (ઢ) અંતર્ગત નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવના મુદ્દા (ટ) | નવી સુધારેલી જોગવાઇ |
|---|---|---|
| ૧ | સ્થાનિક પ્રજામાં પ્રામાણિક, સારા ચારિત્ર્યની પ્રતિષ્ઠ | નવી સુધારેલી જોગવાઇ પરિશિષ્ટ (૧)માં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબ ગુણાંકન કરવાનું રહેશે. |
| ૨ | વ્યક્તિની શૈક્ષણિક શક્તિ અને કામગીરીની કાર્યદક્ષતા. | |
| ૩ | બાળકોમાં શિક્ષણ વિકાસમાં તેમનો રસ અને બાળકો માટેનો પ્રેમ. | |
| ૪ | ખાસ કરીને શાળાના બાળકોનો અને સર્વ માન્ય રીતે સમાજના સામાજિક સાંસ્કૃતિક ઉત્કર્ષમાં તેમનો હિસ્સો – યોગદાન | |
| ૫ | શાળાની ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક સુવિધાઓ ઉભી | |

| | | |
|---|---|---|
| | કરવામાં સમાજ સાથેની લોક-ભાગીદારીના પ્રયાસો | |
| ૬ | પ્રાથમિક શાળાના શિક્ષક, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી. કેળવણી નિરીક્ષક/એચ.ટાટ મુખ્ય શિક્ષકની બાબતમાં કન્યા કેળવણીને ઉત્તેજન, નામાંકન તેમજ સ્થાયીકરણના પ્રયાસો. | |
| ૭ | સામાજિક ઉત્થાન, જાગૃતિ અને સામાજિક પરિવર્તનના દૂત તરીકે તેઓની વ્યક્તિગત અને સંસ્થાકીય ભૂમિકા. | |
| ૮ | શાળા અને સમાજ વચ્ચે અનુબંધ સાધવાના પ્રયાસો. | |
| | તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવના મુદ્દા (ઢ) | |
| ૧ | જિલ્લા કક્ષાએથી આવેલ ભલામણોમાંથી કુલ ૧૧૦ માંથી મેળવેલ ગુણને ધ્યાને લેવાના રહેશે. | તેના બદલે પરિશિષ્ટ (૧)માં દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવાનું રહેશે. |
| ૨ | રાજ્ય કક્ષાની સમિતિએ રજૂ કરેલ વિગતો અંગેની સત્યતા અને રાજ્ય કક્ષાની સમિતિએ સ્વતંત્ર રીતે મેળવેલ અહેવાલના આધારે આપવાના ગુણ – ૫૦ ગુણ | |
| ૩ | કુલ ગુણ–૧૬૦ માંથી થયેલ ગુણાંકનના આધારે રાજ્યકક્ષાની સમિતિએ ગુણાંકન કરવાનું રહેશે. | |

આ વિભાગના તારીખ ૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૨૯/૦૪/૨૦૨૪ ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.કે.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી તમામ

(ઉપરના પાંચ માટે:) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-વ્યાપક પ્રસિધ્ધી સારૂ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ

## પરિશિષ્ટ – 1

# શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પસંદગીના ધોરણો માટેની માર્ગદર્શિકા

**પ્રસ્તાવના :**

આ વિભાગનાં તા.19/05/2022નાં ઠરાવ ક્રમાંક: પીઆરઈ/112021/સીં.ફા.-4/ક.ની જોગવાઈ (ટ)માં પસંદગીના ધોરણોમાં આથી ફેરફાર કરવામાં આવેલ છે. જેની માર્ગદર્શિકા નીચે મુજબ છે.

**શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના પસંદગીના ધોરણો :**

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજનામાં 1. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો, 2. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, 3. સી.આર.સી. કો-ઓર્ડીનેટર, બી.આર.સી. કો-ઓર્ડીનેટર, મદદનીશ કેળવણી નિરીક્ષક, કેળવણી નિરીક્ષક (બીટ) અને 4. અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી અનુદાનિત સંસ્થાઓના શિક્ષકો અને આચાર્યોનો સમાવેશ થાય છે.

આ યોજના અંતર્ગત કુલ 7 ક્ષેત્રોમાં ઉમેદવારોનું મૂલ્યાંકન કરવામાં આવશે. જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | ક્ષેત્ર | ગુણ |
|---|---|---|
| 1 | વ્યાવસાયિક સજ્જતા | 10 |
| 2 | સતત વ્યાવસાયિક વિકાસ | 10 |
| 3 | કાર્યદક્ષતા | 20 |
| 4 | વિદ્યાર્થીઓ તેમજ શાળાના વિકાસમાં પ્રદાન | 20 |
| 5 | પ્રામાણિકતા, ચારિત્ર્ય અને સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પ્રદાન | 15 |
| 6 | જિલ્લા પસંદગી સમિતિ દ્વારા મૂલ્યાંકન | 10 |
| 7 | રાજ્ય પસંદગી સમિતિ દ્વારા મૂલ્યાંકન | 15 |
| | કુલ | 100 |

**નોંધ:**

**1. શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ઉપરોક્ત ક્ષેત્રોમાં ઉમેદવારે લાગુ પડતાં તમામ આધારોને સ્વ-પ્રમાણિત કરીએ દરખાસ્ત સાથે જોડવાના રહેશે.**

**2. ઉમેદવારે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પસંદગી માટેના ક્ષેત્રોના માપદંડો અનુસાર અનુક્રમણિકા બનાવી આધારો રજૂ કરવાના રહેશે.**

**3. ઉમેદવારે રજૂ કરેલ તમામ પ્રમાણપત્રો/આધારોની ખરાઈ તાલુકા/ જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ કરવાની રહેશે.**

**4. ઉમેદવારે દરખાસ્તમાં કરેલ સ્વ-મૂલ્યાંકનના આધારો રજૂ નહીં કરેલ હોય તો તેને ગુણાંકનમાં ધ્યાને લેવાશે નહીં.**

## 1. વ્યાવસાયિક સજ્જતા:

આ ક્ષેત્ર અંતર્ગત ઉમેદવારે હાલ જે સંવર્ગ સંબંધિત એવોર્ડ માટે દરખાસ્ત કરી હોય તે કેટેગરી /સંવર્ગ/ હોદ્દાની સેવામાં જોડાવા માટેની મૂળભૂત લાયકાત કરતાં મેળવેલ વધારાની લાયકાતને ધ્યાને લેવામાં આવશે. આ માટે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ (વધારાની લાયકાત) | ગુણ |
|---|---|---|
| 1.1 | સર્ટિફિકેટ | 1 |
| 1.2 | ડિપ્લોમા | 2 |
| 1.3 | સ્નાતક | 3 |
| 1.4 | અનુસ્નાતક | 4 |
| 1.5 | પી.એચડી. | 5 |

1.1 જો એક કરતાં વધુ સર્ટિફિકેટ મેળવેલ હોય અને તેનાથી ઉચ્ચ કક્ષાની લાયકાત ન મેળવેલ હોય તો મહત્તમ 2 ગુણ મળવાપાત્ર થશે.

1.2 જો એક કરતાં વધુ સર્ટિફિકેટ અને ડીપ્લોમાની લાયકાત મેળવેલ હોય અને ડીપ્લોમાથી ઉચ્ચ લાયકાત ન મેળવેલ હોય તો મહત્તમ 4 ગુણ મળવાપાત્ર થશે.

1.3 જો એક કરતાં વધુ સર્ટિફિકેટ, ડીપ્લોમા અને સ્નાતકની લાયકાત મેળવેલ હોય અને સ્નાતકથી ઉચ્ચ લાયકાત ન મેળવેલ હોય તો મહત્તમ 6 ગુણ મળવાપાત્ર થશે.

1.4 જો એક કરતાં વધુ સર્ટિફિકેટ, ડીપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતકની લાયકાત મેળવેલ હોય અને અનુસ્નાતકથી ઉચ્ચ લાયકાત ન મેળવેલ હોય તો મહત્તમ 8 ગુણ મળવાપાત્ર થશે.

1.5 જો એક કરતાં વધુ સર્ટિફિકેટ, ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક અને પી. એચડી.ની લાયકાત મેળવેલ હોય તો મહત્તમ 10 ગુણ મળવાપાત્ર થશે.

## 2. સતત વ્યાવસાયિક વિકાસ:

આ ક્ષેત્ર અંતર્ગત ઉમેદવારે વ્યાવસાયિક વિકાસ માટે મેળવેલ તાલીમ, કરેલ કોર્સ [જિલ્લા, રાજ્ય, પ્રાદેશિક અને રાષ્ટ્ર કક્ષાની શિક્ષણ સંસ્થાઓ જેવી કે DIET, GCERT, સમગ્ર શિક્ષા, RIE, CCRT, NCERT, NIEPA દ્વારા આયોજિત ઓફલાઇન - ઓનલાઇન કોર્સ], સાહિત્ય નિર્માણ, લેખન - પ્રકાશન, શૈક્ષણિક નવાચાર, સંશોધન જેવી બાબતોને ધ્યાને લેવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણ |
|---|---|---|
| 2.1 | તાલીમ / કાર્યશાળાઓમાં ભાગીદારી, ઓનલાઇન - ઓફ્લાઇન કોર્સ | 2 |
| 2.2 | સાહિત્ય નિર્માણ, લેખન – પ્રકાશન | 2 |
| 2.3 | શૈક્ષણિક નવાચાર | 3 |
| 2.4 | સંશોધન | 3 |

**2.1 તાલીમ / કાર્યશાળાઓમાં ભાગીદારી, ઓનલાઇન - ઓફ્લાઇન કોર્સ:**

2.1.1 રાજ્ય કક્ષાની સંસ્થાઓ દ્વારા તાલીમ/ કાર્યશાળાઓમાં, ઓનલાઇન - ઓફ્લાઇન કોર્સમાં ભાગીદારી માટે 1 ગુણ

2.1.2 પ્રાદેશિક/ રાષ્ટ્ર કક્ષાની સંસ્થાઓ દ્વારા તાલીમ/ કાર્યશાળાઓમાં, ઓનલાઇન - ઓફ્લાઇન કોર્સમાં ભાગીદારી માટે 2 ગુણ

**2.2 સહિત્ય નિર્માણ, લેખન - પ્રકાશન:**

2.2.1 રાજ્ય કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ (GCERT, સમગ્ર શિક્ષા, પાઠ્યપુસ્તક મંડળ, બોર્ડ વગેરે) દ્વારા પ્રકાશિત થતા સામયિકોમાં લેખ, સંશોધનપત્ર, વાર્તા, કાવ્ય જેવી કૃતિઓના પ્રકાશન, શિક્ષકો/ બાળકો માટે તૈયાર કરવામાં આવતાં સાહિત્ય નિર્માણમાં ભાગીદારી માટે 1 ગુણ

2.2.2 પ્રાદેશિક/ રાષ્ટ્ર કક્ષાની સંસ્થાઓ (RIE, CCRT, NCERT, NIEPA વગેરે) દ્વારા દ્વારા પ્રકાશિત થતા સામયિકોમાં લેખ, સંશોધનપત્ર, વાર્તા, કાવ્ય જેવી કૃતિઓના પ્રકાશન, શિક્ષકો/ બાળકો માટે તૈયાર કરવામાં આવતાં સાહિત્ય નિર્માણમાં ભાગીદારી માટે 2 ગુણ

**2.3 શૈક્ષણિક નવાચાર:**

2.3.1 જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેરમાં ભાગીદારી માટે 1 ગુણ

2.3.2 ઝોન કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેરમાં ભાગીદારી માટે ભાગીદારી માટે 2 ગુણ

2.3.3 રાજ્ય કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેરમાં ભાગીદારી માટે 3 ગુણ

**નોંધ: આ માપદંડ અંતર્ગત ઉમેદવાર દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં કરવામાં આવેલ નવાચારને આધારે ગુણાંકન કરવામાં આવશે.**

**2.4 સંશોધન:**

2.4.1 ક્રિયાત્મક સંશોધન હાથ ધરવા માટે 1 ગુણ

2.4.2 જિલ્લા કક્ષાની સંસ્થાઓ દ્વારા અપાતા સંશોધન પ્રોજેક્ટ માટે 2 ગુણ

2.4.3 રાજ્ય કક્ષાની સંસ્થાઓ દ્વારા અપાતા સંશોધન પ્રોજેક્ટ માટે 3 ગુણ

**નોંધ: આ માપદંડ અંતર્ગત કોઈ કોર્સ/ અભ્યાસક્રમના ભાગરૂપે કરવામાં આવેલ સંશોધનોને ધ્યાને લેવામાં આવશે નહીં.**

**3. કાર્યદક્ષતા:**

આ ક્ષેત્ર અંતર્ગત ઉમેદવારે પોતાના કાર્યક્ષેત્રમાં આવતી શાળા/શાળાઓમાં કરેલ ગુણવત્તા અને પરિણામલક્ષી કાર્યોને ધ્યાને લેવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણ |
|---|---|---|
| 3.1 | ઉમેદવારની નિયમિતતા | 5 |
| 3.2 | વિદ્યાર્થીઓની નિયમિતતા | 5 |
| 3.3 | શાળાકીય કસોટીઓ - બોર્ડની પરીક્ષાઓમાં પ્રદર્શન | 5 |
| 3.4 | ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં પ્રદર્શન | 5 |

**3.1 ઉમેદવાર ની નિયમિતતા:**

| ક્રમ | હાજરીનું પ્રમાણ | ગુણ |
|---|---|---|
| 3.1.1 | 90% થી વધુ | 5 |
| 3.1.2 | 86% થી 90% | 4 |
| 3.1.3 | 81 %થી 85% | 3 |
| 3.1.4 | 76% થી 80% | 2 |
| 3.1.5 | 70% થી 75% | 1 |
| 3.1.6 | 70% થી ઓછું | 0 |

**નોંધ: ઉમેદવાર માંદગી કે અન્ય અનિવાર્ય કારણોસર રજા પર જવાની ફરજ પડી હોય તેવા કિસ્સામાં શાળાના આચાર્ય કે સંબંધિત અધિકારીશ્રીના પ્રમાણપત્રને આધારે હાજરીના પ્રમાણ અંગે તાલુકા/ જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ ઉચિત નિર્ણય લેવો.**

### 3.2 વિદ્યાર્થીઓની નિયમિતતા:

આ માપદંડમાં ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓની હાજરીને ધ્યાને લેવામાં આવશે. આ માટે છેલ્લા શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીના આધારે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | હાજરીનું પ્રમાણ | ગુણ |
|---|---|---|
| 3.2.1 | 90% થી વધુ | 5 |
| 3.2.2 | 86% થી 90% | 4 |
| 3.2.3 | 81 %થી 85% | 3 |
| 3.2.4 | 76% થી 80% | 2 |
| 3.2.5 | 70% થી 75% | 1 |
| 3.2.6 | 70% થી ઓછું | 0 |

### 3.3 શાળાકીય પરીક્ષાઓમાં પ્રદર્શન:

ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતાં વિદ્યાર્થીઓ, શાળા કે શાળાઓના વાર્ષિક પરિણામને આધારે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વર્ગ/ શાળા/ શાળાઓનું સરેરાશ પરિણામ | ગુણ |
|---|---|---|
| 3.3.1 | 90% થી વધુ | 5 |
| 3.3.2 | 81% થી 90% | 4 |
| 3.3.3 | 71 %થી 80% | 3 |
| 3.3.4 | 61% થી 70% | 2 |
| 3.3.5 | 51% થી 60% | 1 |
| 3.3.6 | 50% કે તેથી ઓછું | 0 |

**નોંધ: શિક્ષક માટે તેમના દ્વારા ભણાવમાં આવતાં તમામ ધોરણો અને વિષયોમાં વિદ્યાર્થીઓના સરેરાશ પરિણામ, CRC Co. માટે સમગ્ર ક્લસ્ટરના વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ, BRC Co. માટે સમગ્ર બ્લોકના વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ, અને કેળવણી નિરીક્ષક માટે સમગ્ર બીટના વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ ધ્યાને લઈ ગુણાંકન કરવામાં આવશે.**

### 3.4 ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં પ્રદર્શન:

ઉમેદવાર ને સંબંધિત શાળા/ શાળાઓના ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં પ્રદર્શનને આધારે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | એક જ શાળાનું પ્રદર્શન જોવાનું હોય ત્યારે ગુણોત્સવ 2.0 માં શાળાનું પરિણામ | ગુણ |
|---|---|---|
| 3.4.1 | 90% કે તેથી વધુ | 5 |
| 3.4.2 | 81% થી 90% | 4 |
| 3.4.3 | 71% થી 80% | 3 |
| 3.4.4 | 61% થી 70% | 2 |
| 3.4.5 | 51% થી 60% | 1 |
| 3.4.6 | 50% કે તેથી ઓછું | 0 |

જ્યારે ઉમેદવાર તરીકે સી.આર.સી. કો-ઓર્ડીનેટર, બી.આર.સી કો-ઓર્ડીનેટર, મદદનીશ કેળવણી નિરીક્ષક, કેળવણી નિરીક્ષક (બીટ) હશે ત્યારે તેમના કાર્યક્ષેત્રમાં એક કરતાં વધુ શાળાઓનો સમાવેશ થતો હોવાથી તેમના માટે નીચે મુજબની ગુણાંકન યોજના લાગુ પડશે.

| ક્રમ | એક કરતાં વધારે શાળાનું પ્રદર્શન જોવાનું હોય ત્યારે ગુણોત્સવ 2.0 માં શાળાનું પરિણામ | ગુણ |
|---|---|---|
| 1 | કુલ શાળાઓ પૈકી 30% થી વધુ શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 5 |
| 2 | કુલ શાળાઓ પૈકી 26% થી 30% શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 4 |
| 3 | કુલ શાળાઓ પૈકી 21% થી 25% શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 3 |
| 4 | કુલ શાળાઓ પૈકી 16% થી 20% શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 2 |
| 5 | કુલ શાળાઓ પૈકી 11% થી 15% શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 1 |
| 6 | કુલ શાળાઓ પૈકી 10% કે તેથી ઓછી શાળાઓનું પરિણામ 75% કે તેથી વધુ | 0 |

## 4. વિદ્યાર્થીઓ તેમજ શાળાના વિકાસમાં પ્રદાન:

આ ક્ષેત્ર અંતર્ગત ઉમેદવારે તેમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ, શાળા કે શાળાઓના વિકાસમાં કરેલ પ્રદાનને ધ્યાને લેવામાં આવશે. આ ક્ષેત્ર હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણ |
|---|---|---|
| 4.1 | બાહ્ય પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને વિશેષ મદદ અને વિદ્યાર્થીઓની પરીક્ષામાં ઉપસ્થિતિ | 5 |
| 4.2 | પ્રાથમિક વિભાગ → જ્ઞાનસેતુ અને જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને વિશેષ મદદ અને પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 5 |
| | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ → બોર્ડની પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને વિશેષ મદદ અને તેનું પરિણામ | |
| 4.3 | વિદ્યાર્થીઓમાં કૌશલ્યના વિકાસ માટેના વિશેષ પ્રયાસ અને વિદ્યાર્થીઓની સ્પર્ધાઓમાં ભાગીદારી | 5 |
| 4.4 | શાળા/ શાળાઓના સંસાધનોના વિકાસ માટેના વિશેષ પ્રયાસ | 5 |

### 4.1 બાહ્ય પરીક્ષાઓની તૈયારી માટે બાળકોને વિશેષ મદદ અને વિદ્યાર્થીઓની પરીક્ષાઓમાં ભાગીદારી:

આ માપદંડ અંતર્ગત ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓને શાળાકીય પરીક્ષાઓ ઉપરાંતની અન્ય પરીક્ષાઓ જેવી કે ચિત્રકામ, સ્કોલરશીપ, NMMS, પ્રખરતા શોધ કસોટી, NTSE, જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા વગેરે પરીક્ષાઓ તૈયારી માટે ઉમેદવારે વિશેષ પ્રયત્નો કરેલ હોય તો છેલ્લાં શૈક્ષણિક વર્ષમાં લેવાયેલ આવી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિને ધ્યાને લઈ નીચે મુજબનું ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| 4.1.1 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 11% થી 20% વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 1 |
| 4.1.2 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 21% થી 30% વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 2 |
| 4.1.3 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 31% થી 40% વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 3 |
| 4.1.4 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 41% થી 50% વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 4 |
| 4.1.5 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 50% થી વધુ વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 5 |

**4.2 પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ → જ્ઞાનસેતુ અને જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ**

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ → બોર્ડની પરીક્ષાઓમાં પરિણામ**

- **પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ**

આ માપદંડ અંતર્ગત પ્રાથમિક વિભાગના ઉમેદવારે છેલ્લા શૈક્ષણિક વર્ષમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓની જ્ઞાનસેતુ - જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષાઓમાં ઉપસ્થિતિ માટે કરેલ પ્રયત્નોને ધ્યાને લઇ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | પ્રાથમિક વિભાગ – જ્ઞાનસેતુ (CET) પરીક્ષા | ગુણ |
|---|---|---|
| 4.2.1 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 76% થી 80% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 1 |
| 4.2.2 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 81% થી 85% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 2 |
| 4.2.3 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 86% થી 90% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે | 3 |
| 4.2.4 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 91% થી 95% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 4 |
| 4.2.5 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 95% કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 5 |

અથવા

| ક્રમ | ઉચ્ચ પ્રાથમિક વિભાગ – જ્ઞાનસાધના પરીક્ષા | ગુણ |
|---|---|---|
| 4.2.1 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 76% થી 80% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 1 |
| 4.2.2 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 81% થી 85% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 2 |
| 4.2.3 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 86% થી 90% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે | 3 |
| 4.2.4 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 91% થી 95% વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 4 |
| 4.2.5 | ઉમેદવારના કાર્યક્ષેત્રમાં આવતા પરીક્ષા માટે પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી 95% કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં છે. | 5 |

**નોંધ: જો ઉમેદવારે જ્ઞાનસેતુ (CET) અને જ્ઞાનસાધના એમ બંને પરીક્ષાઓ માટે કરેલા પ્રયત્નો અને વિદ્યાર્થીઓની પરીક્ષાઓમાં ઉપસ્થિતિની વિગતો રજૂ કરે તો બંને પરીક્ષાઓની માહિતીની સરેરાશ ગણીને ગુણાંકન કરવામાં આવશે.**

- **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ**

આ માપદંડ અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતાર માધ્યમિક વિભાગના ઉમેદવારે છેલ્લા શૈક્ષણિક વર્ષમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓનું બોર્ડની પરીક્ષાઓમાં પરિણામના આધારે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ – બોર્ડની પરીક્ષાઓમાં પરિણામ | ગુણ |
|---|---|---|
| 4.2.1 | 76% થી 80% | 1 |
| 4.2.2 | 81% થી 85% | 2 |
| 4.2.3 | 86% થી 90% | 3 |
| 4.2.4 | 91% થી 95% | 4 |
| 4.2.5 | 95% કરતાં વધુ | 5 |

**નોંધ:**

**1. જો ઉમેદવાર શિક્ષક હોય તો તેમના દ્વારા ભણાવવામાં આવતા વિષયોમાં, જો ઉમેદવાર શાળાના આચાર્ય હોય તો સમગ્ર શાળાનું પરિણામ ધ્યાને લઈને ગુણાંકન કરવામાં આવશે.**

**2. જો શિક્ષકને ધોરણ 10 અને 12 એમ બોર્ડની બંને પરીક્ષાઓ લાગુ પડતી હોય તો બંનેના પરિણામની સરેરાશ ધ્યાને લઈ ગુણાંકન કરવામાં આવશે.**

### 4.3 વિદ્યાર્થીઓમાં કૌશલ્યના વિકાસ માટેના વિશેષ પ્રયાસ:

આ માપદંડ અંતર્ગત ઉમેદવાર ના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓમાં કૌશલ્યોના વિકાસ માટે ઉમેદવાર દ્વારા થયેલ વિશેષ પ્રયાસોને આધારે ગુણાંકન કરવામાં આવશે. જો શિક્ષકે / ઉમેદવારે વિદ્યાર્થીઓમાં કલા, સાહિત્ય, રમતગમત, સંગીત, ટેક્નોલોજી, વ્યવસાય વગેરે જેવા ક્ષેત્રો સંબંધિત કૌશલ્યોના વિકાસ માટે સ્વયં અથવા તજજ્ઞોના માધ્યમથી **ઓછામાં ઓછા એક વર્ષ કરતાં વધુ સમયગાળાથી** વિશેષ પ્રયાસો કર્યા હોય અને તેમના આ પ્રયાસોથી વિદ્યાર્થીઓએ વિવિધ કક્ષાએ યોજાતી સ્પર્ધાઓ જેવી કે વક્તૃત્વ, નિબંધ, ચિત્ર, ક્વિઝ, ગાયન - વાદન વગેરેમાં તાલુકા કે તેની ઉપરની કક્ષાએ તેમની કલા – કૌશલ્ય રજૂ કરેલ હોય કે સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો નીચે દર્શાવ્યા મુજબ થશે.

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| 4.3.1 | ઉમેદવારે વિદ્યાર્થીઓમાં કૌશલ્યોના વિકાસ માટે વિશેષ પ્રયાસો કરેલ છે. | 1 |
| 4.3.2 | વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ કલા- કૌશલ્ય રજૂ કરેલ છે./ તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ છે. | 2 |
| 4.3.3 | વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ કલા- કૌશલ્ય રજૂ કરેલ છે./ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ છે | 3 |
| 4.3.4 | વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ કલા- કૌશલ્ય રજૂ કરેલ છે./ રાજ્ય જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ છે | 4 |
| 4.3.5 | વિદ્યાર્થીઓએ રાષ્ટ્ર કક્ષાએ કલા- કૌશલ્ય રજૂ કરેલ છે./ રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ છે | 5 |

### 4.4 શાળા/ શાળાઓના સંસાધનોના વિકાસ માટેના વિશેષ પ્રયાસ:

આ માપદંડ અંતર્ગત ઉમેદવાર ના કાર્યક્ષેત્રમાં આવતી શાળા/ શાળાઓમાં ભૌતિક તેમજ માનવીય સંસાધનોની ઉપલબ્ધતા અને વિકાસ માટે ઉમેદવાર દ્વારા થયેલ વિશેષ પ્રયાસોને ધ્યાને લેવામાં આવશે.

જો ઉમેદવારના પ્રાયાસોને કારણે શાળા/ શાળાઓમાં જરૂરી માનવીય અને ભૌતિક સંસાધનો ઉપલબ્ધ થયા હોય, શાળાના માનવીય સંસાધનોના વિકાસ માટે તાલીમ, કાર્યશાળા કે અન્ય કાર્યક્રમોનું આયોજન થયું હોય તો તેના આધારે નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| 4.4.1 | વિદ્યાર્થીઓને સીધો જ લાભ મળે તેવી કામગીરી (દા.ત. વિદ્યાર્થીઓએ માટે શૈક્ષણિક સામગ્રી/ કીટ/ પોશાક વગેરે જે સીધા વિદ્યાર્થીઓને જ આપવામાં આવતું હોય) | 1 |
| 4.4.2 | શાળામાં શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી કામગીરી (દા.ત. પુસ્તકાલય માટે પુસ્તકો, બેન્ચ, પ્રયોગશાળાના સાધનો, સંગીતના સાધનો, રમતગમતના સાધનો, કમ્પ્યુટર, ટેબલેટ વગેરે) | 1 |
| 4.4.3 | શાળાની ભૌતિક સુવિધામાં વધારો થાય તેવી કામગીરી (દા.ત. ફર્નિચર, ઓરડા, વિશેષ ખંડ, શૌચાલય, પીવાના પાણી, મધ્યાહન ભોજન માટેની સગવડો, બાગબગીચાનું નિર્માણ/ જાળવણી વગેરે) | 1 |
| 4.4.4 | શાળાના માનવીય સંસાધનોના વિકાસ સંબંધિત કામગીરી (દા.ત. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરે માટે તાલીમ, કાર્યશાળાઓ, કૌશલ્યવર્ધન કાર્યક્રમો, અભ્યાસક્રમ સંબંધિત ક્ષેત્રમુલાકાતો વગેરે) | 1 |
| 4.4.5 | શાળામાં જરૂરી માનવીય સંસાધનોની પૂર્તતા માટેના પ્રયત્નો (દા.ત. વિષય માટેના ખાસ શિક્ષકો જેવાકે કમ્પ્યુટર શિક્ષક, રમતગમત શિક્ષક કે શાળામાં જરૂર હોય તેવા કોઈપણ માનવીય સંસાધનની ઉપલબ્ધતા માટે કરેલ કામગીરી) | 1 |

ઉપરોક્ત પ્રત્યેક કામગીરીના ક્ષેત્ર માટે 1 ગુણ અને બધા ક્ષેત્રોની કામગીરી મળીને મહત્તમ 5 ગુણ મળવાપાત્ર થશે.

## 5. પ્રામાણિકતા, ચારિત્ર્ય અને સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પ્રદાન:

આ ક્ષેત્ર અંતર્ગત ઉમેદવારની પ્રામાણિકતા અને ચારિત્ર્ય તેમજ સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પ્રદાનને ધ્યાને લઈ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | મહત્તમ ગુણ |
|---|---|---|
| 5.1 | પ્રામાણિકતા અને ચારિત્ર્ય | 5 |
| 5.2 | સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પ્રદાન | 10 |

### 5.1 પ્રામાણિકતા અને ચારિત્ર્ય:

આ માપદંડ અંતર્ગત ઉમેદવારે તેના ઉપરી અધિકારીનું પ્રમાણપત્ર/ testimonial રજૂ કરવાનું રહેશે. સદર પ્રમાણપત્રમાં ઉમેદવારને કોઈ શિક્ષા, દંડ થયેલ નથી કે કોઈ નોટિસ મળેલ નથી તેમજ કોઈ પોલીસ ફરિયાદ કે ગુનાહિત ઈતિહાસ નથી તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલ હોય તે જરૂરી છે.

## 5.2 સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પ્રદાન:

આ માપદંડ અંતર્ગત ઉમેદવારે તેના કાર્યક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે કરેલા પ્રયાસોને ધ્યાને લેવામાં આવશે. આ માપદંડ હેઠળ કન્યા કેળવણીને ઉત્તેજન, વ્યસન - અંધશ્રદ્ધા - કુરિવાજ મુક્તિ, સુટેવોનું ઘડતર, નિરંતર શિક્ષણ માટેના પ્રયાસ, સ્થાનિક કલા, સાહિત્ય, દેશી રમતો, બોલી, સ્થાનિક સંસાધનોનું જતન અને સંવર્ધન જેવી બાબતોનો સમાવેશ થઇ શકે.

આ માપદંડ હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | મહત્તમ ગુણ |
|---|---|---|
| 5.2.1 | ઉમેદવાર દ્વારા થયેલ પ્રયાસ અને પરિણામનો અહેવાલ | 5 |
| 5.2.2 | જે લાભાર્થીઓ માટે ઉત્કર્ષનું કાર્ય થયું હોય તેમના દ્વારા અપાયેલ ઓછામાં ઓછા 2 પ્રમાણપત્ર / testimonial જે પૈકી એક પ્રત્યક્ષ લાભાર્થી દ્વારા અને એક જે તે સમુદાયના સ્થાનિક અગ્રણી દ્વારા હોવું જોઇએ. | 5 |

## 6. જિલ્લા પસંદગી સમિતિ દ્વારા મૂલ્યાંકન:

આ ક્ષેત્ર અંતર્ગત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઉપરોક્ત 5 ક્ષેત્રોમાં ઉમેદવારે રજૂ કરેલ આધારોની ચકાસણી કરી ઉમેદવારને કુલ 10 માંથી ગુણ આપવાના રહેશે.

## 7. રાજ્ય પસંદગી સમિતિ દ્વારા મૂલ્યાંકન:

આ ક્ષેત્ર અંતર્ગત રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારને રજૂ કરેલ આધારોની ચકાસણી કરી ઉમેદવારને કુલ 15 માંથી ગુણ આપવાના રહેશે.

તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક
પારિતોષિક આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય, સરદાર ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, Email ID: sok51343@gmail.com
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૨૨૦૨૧/સીંફા.-૦૪/ક
તારીખ : ૧૯/૦૫/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૯/સીં.ફા.-૧૩/ક

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૧૦/૧૨/૨૦૨૦ ની સીંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત ક્રમાંક: પ્રાશિનિ/જ/સિંગલ ફાઇલ/રાજ્ય એવોર્ડમાં સુધારો/૨૦૨૦/૨૪

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરનાં તા.૨૫/૦૬/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૯/સીં.ફા.-૧૩/ક થી શ્રેષ્ઠ શિક્ષકને તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ પારિતોષિક આપવા બાબત નક્કી કરવામાં આવેલ. ઉક્ત હયાત જોગવાઇઓની સમીક્ષા કરવા અંગેની અને પુનઃ રચનાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકને પસંદ કરી પરિતોષિક આપી, પ્રોત્સાહિત કરવા માટેની હયાત ચકાસણીના માપદંડની જોગવાઇઓ બાબતે આમુખમાં દર્શાવેલ ઠરાવ અને દરખાસ્ત પરત્વે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરનાં આ વિભાગનાં તા.૨૫/૦૬/૨૦૧૯ નાં ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૯/સીં.ફા.-૧૩/ક ને આથી રદ કરવામાં આવે છે અને તેને સ્થાને નીચે મુજબની જોગવાઇઓ ઠરાવી આ તારીખથી અમલમાં લાવવામાં આવે છે.

(ક) **દરખાસ્ત મંગાવવા માટેની જોગવાઇ :**

રાજ્યમાં આવેલ દરેક શાળાનાં શિક્ષક 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' ની યોજનાની માહિતીથી વાકેફ થઇ શકે તે હેતુથી તાલુકા, જિલ્લા અને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડની બાબતમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં દૈનિક પત્રમાં જાહેરાત આપવાની રહેશે. અન્ય વ્યક્તિ, સમાજ કે સંસ્થા પણ શ્રેષ્ઠ શિક્ષકનાં ઉમેદવારનાં નામ જિલ્લા પસંદગી સમિતિને સૂચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ પણ નિયત નમૂનામાં દરખાસ્ત મેળવી તેવી વ્યક્તિઓનાં કાર્યની પણ સ્થળ ચકાસણી કરી, પસંદગી પ્રક્રિયામાં તેઓનાં નામનો સમાવેશ કરવાનો રહેશે.

(ખ) પુરસ્કારની વિગત :

૧. તાલુકા કક્ષાએ રૂ.૫,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ અને પ્રમાણપત્ર તથા જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.

૨. જિલ્લા કક્ષાએ રૂ.૧૫,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ અને પ્રમાણપત્ર તથા જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.

૩. રાજ્યકક્ષાએ રૂ.૫૧,૦૦૦/- રોકડ પુરસ્કાર, શાલ અને પ્રમાણપત્ર તથા જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.

(ગ) પારિતોષિક માટે ઝોન :

પારિતોષિક માટે રાજ્યના નીચે દર્શાવ્યા મુજબ જિલ્લા સમુહને ચાર ઝોનમાં નીચે મુજબ નિયત કરવામાં આવે છે.

| ક્રમ | ઝોન | ઝોનમાં આવરી લેવાયેલ જીલ્લાઓ |
|---|---|---|
| ૧ | સૌરાષ્ટ્ર ઝોન | રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર, મોરબી, ગીરસોમનાથ, દેવભૂમિદ્વારકા, પોરબંદર, અમરેલી |
| ૨ | ઉત્તર ગુજરાત ઝોન | કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, મહિસાગર, મહેસાણા, સુરેન્દ્રનગર |
| ૩ | મધ્ય ગુજરાત ઝોન | ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, છોટાઉદેપુર, બોટાદ, દાહોદ |
| ૪ | દક્ષિણ ગુજરાત ઝોન | વડોદરા, ભરૂચ, સુરત , નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા |

(ઘ) એવોર્ડનો બ્રેક અપ :

તાલુકા કક્ષાના, જિલ્લા કક્ષાના અને રાજ્યકક્ષાએ એવોર્ડની પસંદગી માટે નીચે દર્શાવ્યા પ્રમાણેનો અનુભવ કામગીરી ધ્યાને લેવાનો રહેશે.

૧. તાલુકા કક્ષાએ બે પારિતોષિક આપવાનાં રહેશે, જે ફક્ત સરકારી પ્રાથમિક શાળાનાં શિક્ષકો માટે જ છે. જેથી દર વર્ષે બે પ્રાથમિક શિક્ષકોને તાલુકા કક્ષાના પારિતોષિક મળી શકશે. તાલુકા કક્ષાએ પારિતોષિક માટેનો લઘુત્તમ અનુભવ ૫ વર્ષનો રહેશે.

૨. જિલ્લા કક્ષાના ચાર કેટેગરીમાં પારિતોષિક આપવાનાં રહેશે. જેમાં એક કેટેગરી પારિતોષિક પ્રાથમિક શાળાનાં શિક્ષકો માટે, બીજી કેટેગરી પારિતોષિક માધ્યમિક અને ત્રીજી કેટેગરી પારિતોષિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શિક્ષકો માટે, જ્યારે ચોથી કેટેગરી પારિતોષિક સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક/એચ.ટાટ આચાર્ય પૈકી ગમે તે એક કામગીરી કરનાર માટે આપવાનો રહેશે.

જિલ્લા કક્ષાએ પારિતોષિક માટે તમામ કેટેગરી માટેનો કુલ અનુભવ ૧૦ વર્ષનો રહેશે, જે પૈકી સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક/ એચ.ટાટ.આચાર્ય કેટેગરી માટે ૫ વર્ષનો લઘુત્તમ અનુભવ અનિવાર્ય રહેશે.

૩. રાજ્યકક્ષાના આ પારિતોષિકોની પસંદગી માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

| ક્રમ | સંવર્ગ | અનુભવની જોગવાઇઓ |
|---|---|---|
| ૧ | સરકારી અને અનુદાનિત પ્રાથમિક/ માધ્ય./ઉ.મા. શાળાનાં શિક્ષકો | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૨ | સરકારી અને અનુદાનિત માધ્યમિક /ઉ.મા.શાળાનાં આચાર્ય | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો આચાર્ય તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૩ | સી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો સી.આર.સી.તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૪ | બી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ અનુભવ જેમાં ઓછામાં ઓછા ૫ વર્ષનો બી.આર.સી.તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૬ | કેળવણી નિરીક્ષક | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ શૈક્ષણિક અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૫ વર્ષનો કેળવણી નિરીક્ષક તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૭ | એચ.ટાટ મુખ્ય શિક્ષક | કુલ ૧૫ વર્ષનો લઘુત્તમ શૈક્ષણિક અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૫ વર્ષનો એચ.ટાટ મુખ્ય શિક્ષક તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |
| ૮ | દિવ્યાંગ શાળાઓનાં શિક્ષકની કેટેગરી | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો લઘુત્તમ અનુભવ જરૂરી રહેશે. |

૪. ઉક્ત કેટેગરી પૈકી જેઓને ભારત સરકાર તરફથી શિક્ષકો માટેનું "રાષ્ટ્રીય પારિતોષિક" મેળવ્યું હોય તેઓ આ પારિતોષિક માટે પાત્ર ગણાશે નહિ.

૫. જેમને એકવાર આવું રાજ્ય, જિલ્લા કે તાલુકા પારિતોષિક આપવામાં આવેલ હોય તેઓને ફરીથી તે પારિતોષિક મળી શકશે નહિ.

૬. કોઇપણ વ્યક્તિ રાજ્ય, જિલ્લા કે તાલુકા કક્ષાનાં પારિતોષિક પૈકી જે તે વર્ષે કોઇ એક કેટેગરીના પારિતોષિક માટે અરજી કરી શકશે. અને અરજી કરતી વખતે રાજ્ય, જીલ્લા કે તાલુકા કક્ષાનાં પારિતોષિક પૈકી કયા પારિતોષિક માટે અરજી કરેલ છે. તે બાબત અરજીમાં જ સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે.

(ચ) <u>પારિતોષિકની વહેચણી</u>

આ પારિતોષિકો સરકારી કે અનુદાનિત પ્રાથમિક શાળાનાં શિક્ષક, માધ્યમિક શાળાનાં શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક શાળાનાં શિક્ષક, માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાનાં આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરીક્ષક, એચ.ટાટ મુખ્ય શિક્ષક, કેળવણી નિરીક્ષક અને અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને અનુદાનિત શાળાનાં શિક્ષકો માટે કુલ-૫૨ (બાવન) પારિતોષિકો રહેશે. જે વર્ષ માટે પારિતોષિક આપવાનું હોય તે શૈક્ષણિક કેલેન્ડરમાં નિવૃત્ત થવાના હોય તે શિક્ષક / આચાર્યને પારિતોષિક માટે વિચારણા યોગ્ય ગણાવાનાં રહેશે.

ઝોન દીઠ પારિતોષિકની ફાળવણી નીચે મુજબ રહેશે.

| પ્રકાર | ઝોન દીઠ ફાળવેલ પારિતોષિક ની સંખ્યા | કુલ એવોર્ડ |
|---|---|---|
| સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાનાં શિક્ષકો | ૫ | ૨૦ |
| સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાનાં શિક્ષકો | ૨ | ૦૮ |
| સરકારી અને અનુદાનિત ઉચ્ચ માધ્યમિક શાળાનાં શિક્ષકો | ૧ | ૦૪ |
| સરકારી અને અનુદાનિત માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાનાં આચાર્યો | ૨ | ૦૮ |
| કેળવણી નિરીક્ષક (પ્રાથમિક) | ૧ | ૦૪ |
| સી.આર.સી.,બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરીક્ષક, એચ.ટાટ મુખ્ય શિક્ષક | ૧ | ૦૪ |
| દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓનાં શિક્ષકો માટે | ૧ | ૦૪ |
| કુલ પારિતોષિકની સંખ્યા | ૫૨ | |

(છ) પસંદગી સમિતિ:

૧. તાલુકા અને જિલ્લાકક્ષાનાં પારિતોષિક માટે શિક્ષક પસંદગી કરવા અને રાજ્યકક્ષાના પારિતોષિક માટે નામોની ભલામણ કરવા માટે જીલ્લા કક્ષાએ એક પસંદગી સમિતીની રચના કરવાની રહેશે.

- જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ, તાલુકા અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા માટે નામોની પસંદગી કરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મેળવી, શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવાપાત્ર શિક્ષકોનાં નામોની યાદી જાહેર કરશે. તાલુકા અને જિલ્લા કક્ષાએ આપવાનાં થતાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટેનાં પ્રમાણપત્રો, જિલ્લા શિક્ષણાધિકારીની સહીથી એનાયત કરવામાં આવશે.

આ સમિતિમાં નીચે જણાવ્યા મુજબના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કન્વીનરશ્રી |
| ૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૩ | પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી |
| ૪ | જીલ્લાનાં એક કેળવણીકાર (જેમની નિયુક્તિ કન્વીનર કરશે.) | સભ્યશ્રી |
| ૫ | જે તે જીલ્લાનાં એવોર્ડી શિક્ષક ( જેમની નિયુક્તિ કન્વીનર કરશે.) | સભ્યશ્રી |
| નોંધ:- આ સમિતિનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે અને આ સમિતિ તાલુકા / જિલ્લા કક્ષાના પારિતોષિક નક્કી કરશે અને રાજ્યકક્ષા માટે દરખાસ્તોની પસંદગી કરી ભલામણ કરશે. | | |

૨. રાજ્યકક્ષાએ એક પસંદગી સમિતિ બનશે, જેમાં નીચેનાં સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી) | કન્વીનરશ્રી |
| ૨ | બે કેળવણીકાર / તજજ્ઞ (જેમની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.) | સભ્યશ્રી |
| ૩ | બે રાજ્ય / રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષક ( જેમની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.) | સભ્યશ્રી |
| ૪ | શિક્ષણ વિભાગના લઘુત્તમ વર્ગ-૧ ની કક્ષાના નિવૃત્ત અધિકારી (જેમની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.) | સભ્યશ્રી |
| નોંધ : આ સમિતિનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે. | | |

૩. તાલુકા કક્ષાનાં અને જિલ્લા કક્ષાનાં એવોર્ડની પસંદગી કરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ જ્યારે રાજ્ય પારિતોષિક માટે એવોર્ડની પસંદગી કરવાની કાર્યવાહી રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ કરવાની રહેશે.

૪. રાજ્યકક્ષાની પસંદગી સમિતિઓ રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા માટે નામોની પસંદગી કરી, શિક્ષણ વિભાગને ભલામણ કરશે. શિક્ષણ વિભાગ, માન.શિક્ષણમંત્રીશ્રીની મંજૂરી મેળવી, રાજ્યકક્ષાનાં શ્રેષ્ઠ પારિતોષિક આપવાપાત્ર શિક્ષકોની યાદી જાહેર કરશે. રાજ્યકક્ષાએ આપવાના થતાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટેનાં પ્રમાણપત્રો સચિવ/અગ્રસચિવ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ની સહીથી એનાયત કરવામાં આવશે.

(જ) ઉક્ત પારિતોષિક મેળવવા ઇચ્છુક અરજદારોએ નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓ મારફત જીલ્લાનાં કન્વીનરશ્રીને નિયત નમૂનામાં દરખાસ્ત કરવાની રહેશે અથવા એવોર્ડ મેળવવા પાત્ર જણાતાં હોય તેવા કોઇ શિક્ષક/આચાર્ય/સી.આર.સી./બી.આર.સી./મદદનીશ શિક્ષણ નિરીક્ષક/કેળવણી નિરીક્ષક તથા એચ.ટાટ મુખ્ય શિક્ષક માટે અન્ય વ્યક્તિ, સમાજ અને સંસ્થા પણ તેઓનો શા માટે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકમાં સમાવેશ કરવો જોઇએ? તેવા લેખિત કારણો સહિત યોગ્ય વ્યક્તિના નામ સૂચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ રચેલ નિષ્ણાતોની સમિતિએ તમામ દરખાસ્તો ચકાસીને સંબંધિત શાળાઓની રૂબરૂ મુલાકાત લઇ નિયત દરખાસ્ત મેળવી આ સાથે સામેલ પરિશિષ્ટ - ૧ મુજબની બાબતો ચકાસી, ગુણાંકન કરવાનું રહેશે.

૧. સરકારી કે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શિક્ષકો/આચાર્યો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.

૨. સરકારી કે અનુદાનિત પ્રાથમિક શાળાનાં શિક્ષક, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક/એચ.ટાટ. આચાર્ય/મુખ્ય શિક્ષકની બાબતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.

૩. દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને અનુદાનિત સંસ્થાઓનાં શિક્ષકો માટેની કેટેગરીનાં પારિતોષકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.

(ઝ) <u>જિલ્લા પસંદગી સમિતિએ કરવાની થતી કાર્યવાહી</u> :-

૧. શિક્ષકો દ્વારા જાતે કરવામાં આવેલ અરજીથી મળેલ દરખાસ્ત અથવા અન્ય વ્યક્તિઓ, સંસ્થા, સમાજ દ્વારા સૂચવવામાં આવેલ શિક્ષક/આચાર્ય/કર્મચારીની કામગીરીની ચકાસણી માટે એક સમિતિ બનાવવાની રહેશે.

૨. આ સમિતિમાં જેઓ તટસ્થ મૂલ્યાંકન કરવાની ક્ષમતા ધરાવતાં હોય, તેવા નિવૃત્ત અથવા કામ કરતાં એવોર્ડી શિક્ષક/આચાર્ય/બી.આર.સી./સી.આર.સી./નિરીક્ષક/વર્તમાનમાં કામ કરતાં શિક્ષક/આચાર્ય/સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક પૈકી કોઇપણ બે વ્યક્તિને નિમવાના

રહેશે. જિલ્લા પસંદગી સમિતિનાં ઓછામાં ઓછા એક સભ્યશ્રીને આવી સમિતિનાં કન્વીનર તરીકે નિમવાનાં રહેશે.

૩. જિલ્લામાં આવેલ દરખાસ્તોની સંખ્યાને ધ્યાને લઇ, સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેટલી સંખ્યામાં નિરીક્ષણ ટીમો બનાવવાની રહેશે.

૪. જિલ્લા પસંદગી સમિતિની બેઠક બોલાવી, તમામ સભ્યોના અભિપ્રાયો મેળવી, સમિતિમાં કોનો સમાવેશ કરવો? તે નિર્ણય કરવાનો રહેશે.

૫. નિરીક્ષણ સમિતિએ કરેલ મૂલ્યાંકનનાં આધારે જિલ્લા સમિતિની બેઠક બોલાવી, તાલુકા, જિલ્લાના શ્રેષ્ઠ પારિતોષિક માટે કેટેગરીવાર નામોની પસંદગી કરવાની રહેશે.

૬. આ ઠરાવનાં ક્રમાંક (૬) માં દર્શાવેલ સંખ્યામાં રાજ્ય પારિતોષિક માટેની ભલામણ માટે સમિતિએ નિર્ણય કરવાનો રહેશે.

૭. જ્યારે જ્યારે પસંદગી સમિતિની બેઠકો મળે ત્યારે તેની કાર્યવાહી નોંધ રાખવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. તેમજ આ કાર્યવાહીનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જાળવવાનો રહેશે.

૮. પ્રાથમિક શિક્ષણને લગતા કર્મચારીઓ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિકને લગતાં કર્મચારીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીઓએ તાલુકા કે જિલ્લાનાં એવોર્ડ માટે ભલામણ કરતાં પહેલાં તે કર્મચારી વિરૂધ્ધ કોઇ ખાતાકીય તપાસ, પ્રાથમિક તપાસ ચાલુ, પડતર કે સૂચિત નથી તથા તે કર્મચારીને તેના સેવાકાળ દરમ્યાન કોઇ શિક્ષા કરવામાં આવેલ નથી. તે ચકાસીને તે મુજબનું પ્રમાણપત્ર (NOC) આપવાનું રહેશે. જે કિસ્સામાં આવું પ્રમાણપત્ર આપી શકાય તેમ ન હોય તે કિસ્સામાં પારિતોષિક માટે ભલામણ કરવાની રહેશે નહિ.

૯. જિલ્લા પસંદગી સમિતિએ આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ગુણાંકન પત્રક પ્રમાણેના ગુણભાર મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૮) <u>પસંદગીનાં ધોરણો નીચે પ્રમાણે રહેશે:-</u>

(૧) સ્થાનિક પ્રજામાં પ્રામાણિક, સારા ચારિત્ર્યની પ્રતિષ્ઠા.

(૨) વ્યક્તિની શૈક્ષણિક શક્તિ અને કામગીરીની કાર્યદક્ષતા.

(૩) બાળકોમાં શિક્ષણ વિકાસમાં તેમનો રસ અને બાળકો માટેનો પ્રેમ.

(૪) ખાસ કરીને શાળાનાં બાળકોનો અને સર્વમાન્ય રીતે સમાજનાં સામાજીક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં તેમનો હિસ્સો - યોગદાન.

(૫) શાળાની ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવામાં સમાજ સાથેની લોક ભાગીદારીના પ્રયાસો.

(૬) પ્રાથમિક શાળાના શિક્ષક, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક/ એચ.ટાટ મુખ્ય શિક્ષકની બાબતમાં કન્યા કેળવણીને ઉત્તેજન, નામાંકન તેમજ સ્થાયીકરણનાં પ્રયાસો.

(૭) સામાજીક ઉત્થાન; જાગૃતિ અને સામાજીક પરિવર્તનના દૂત તરીકે તેઓની વ્યક્તિગત અને

સંસ્થાકીય ભૂમિકા.

(૮) શાળા અને સમાજ વચ્ચે અનુબંધ સાધવાના પ્રયાસો.

(૬) પ્રત્યેક જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય પારિતોષિક માટે યોગ્ય લાગે તેટલી પરંતુ વધુમાં વધુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ભલામણો કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સરકારી અને અનુદાનિત શાળાનાં પ્રાથમિક શિક્ષકો -૨ /સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાનાં શિક્ષકો - ૧/સરકારી અને અનુદાનિત ઉચ્ચ માધ્યમિક શાળાનાં શિક્ષકો - ૧ | ૪ |
| ૨ | સરકારી અને અનુદાનિત માધ્યમિક/ઉ.મા.શાળાનાં આચાર્ય | ૧ |
| ૩ | સી.આર.સી. | ૧ |
| ૪ | બી.આર.સી. | ૧ |
| ૫ | મદદનીશ શિક્ષક નિરીક્ષક (માધ્યમિક),એચ.ટાટ આચાર્ય / મુખ્ય શિક્ષક | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક | ૧ |
| ૭ | દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને અનુદાનિત સંસ્થાઓનાં શિક્ષકો માટેની કેટેગરી | ૧ |

(ડ) <u>પસંદગી પ્રક્રિયાનો સમયગાળો</u>

(૧) તાલુકા કક્ષાની પસંદગીની કાર્યવાહી એપ્રિલ માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) જિલ્લા કક્ષાની પસંદગી મે માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) રાજ્ય કક્ષાની પસંદગી જૂન-જુલાઇ માસમાં કરવાની રહેશે.

(૪) રાજ્યકક્ષાએ જિલ્લા સમિતિની ભલામણો દર વર્ષે મોડામાં મોડી ૩૦ મી જૂન સુધીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં મોકલવાની રહેશે.

(૫) રાજ્યકક્ષાની સમિતિ, દરેક વિભાગ માટે નક્કી કરેલાં પારિતોષિકની સંખ્યા જેટલા નામોની ભલામણ મોડામાં મોડી ૩૧ મી જુલાઇ સુધીમાં સરકારને મોકલશે.

(૬) રાજ્ય પારિતોષિકો દર વર્ષે ઓગષ્ટનાં ત્રીજા સપ્તાહમાં જાહેર કરવાનાં રહેશે.

(૭) રાજ્ય પારિતોષિકો દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરના (શિક્ષક દિન) રોજ યોજાનાર ખાસ સમારંભ ખાતે પારિતોષિક માટે પસંદ થયેલા શિક્ષકોને એનાયત કરવાનાં રહેશે.

(ઢ) જિલ્લા કક્ષાની સમિતિઓ તરફથી મળેલી બધી અરજીઓની ચકાસણી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ કરવાની રહેશે.ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામકે સમિતિનાં બીજા સભ્યો સાથે ચર્ચા વિચારણા

કરીને રાજ્ય કક્ષાની સમિતિની બેઠક રાખવાની રહેશે. જરૂર જણાય તો આ સંબંધમાં દરખાસ્ત કરનારને સમિતિ સમક્ષ સમાલાપ માટે બોલાવવાનાં રહેશે.

- રાજ્યકક્ષાની સમિતિએ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- જિલ્લા કક્ષાએથી આવેલ ભલામણોમાંથી કુલ ૧૧૦ માંથી મેળવેલ ગુણને ધ્યાને લેવાનાં રહેશે.
- રાજ્યકક્ષાની સમિતિએ

(૧) રજૂ કરેલ વિગતો અંગેની સત્યતા - ૨૫ ગુણ

(૨) રાજ્યકક્ષાની સમિતિએ સ્વતંત્ર રીતે મેળવેલ અહેવાલનાં આધારે આપવાનાં ગુણ - ૨૫ ગુણ

એમ કુલ-૫૦ ગુણમાંથી ગુણાંકન કરવાનું રહેશે.

- કુલ ગુણ - ૧૬૦ માંથી થયેલ ગુણાંકનનાં આધારે રાજ્યકક્ષાની સમિતિએ ગુણાંકન કરવાનું રહેશે.

નોંધ:- જિલ્લા કક્ષાની અને રાજ્યકક્ષાની પસંદગી સમિતિને મૂલ્યાંકનનાં અંતે કોઇ ઉમેદવાર યોગ્ય ન જણાય તો તે ઉમેદવારને પસંદગી યાદીમાંથી દૂર કરી શકશે.

૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ આ ઠરાવની વિગતો લાગુ પડતી તમામ સંબંધિત કચેરીઓના કર્મચારીઓને ધ્યાન પર લાવવાની રહેશે અને આનુષંગિક કાર્યપદ્ધતિ માટે જરૂરી વહીવટી સૂચનાઓ આપવાની રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૧૮/૦૫/૨૦૨૨ ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી તમામ

(ઉપરના સર્વે) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-વ્યાપક પ્રસિધ્ધી સારૂ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ